શહેરની ઉભરાતી ગટરલાઈનોનો મુદ્દો જિલ્લા સંકલનમાં ઉઠવા પામ્યો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં ઉભરાતી ગટરલાઈનનો મુદ્દો આજે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિમાં પણ ચમક્યો હતો.

મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી (ચારણે) આ રજુઆત અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યુ હતુ કે શહેરમાં ગટરલાઈનો ૧૯૬૫ના વર્ષની છે. વસ્તીનું ભારણ વધ્યુ છે એટલે નવી લાઈનો નાખવાની વાતને સ્માર્ટસીટી પ્રોજેક્ટ અંતર્ગત હાથ ધરવામાં આવનાર છે.

જો કે ગટરલાઈનો માત્ર કેટલાક સેક્ટરોમાં જ ઉભરાય છે એવુ નથી પણ લગભગ તમામ સેક્ટરોમાં આ સ્થિતિ છે. ઉભરાતી ગટરોને કારણે પાણી પણ રોડ પર ભરાઈ રહેવાની ફરિયાદો વધી છે અને તેને કારણે મચ્છરોની ઉત્પત્તિને પણ નાથી શકાતી નથી. હાલ મચ્છરોની ઉત્પત્તિને કારણે શહેરમાં આ દસકાના વિક્રમી કેસો ડેન્ગ્યુના જોવા મળ્યા છે.

તંત્ર દ્વારા જે પગલાં લેવામાં આવવા જોઈએ તેમજ તેની સફાઈ સમયાંતરે થવી જોઈએ તે થતી નથી. વારંવાર સેક્ટરોમાં જે રીતે લાઈનો ચોકઅપ થઈ રહી છે તેને કારણે ક્યાંક તોડફોડ પણ થાય છે જેથી વાહકજન્ય રોગચાળા પછી પાણીજન્ય રોગચાળો આગામી દિવસોમાં વકરે તેવો ભય ઉભો થયો છે.

જો કે તંત્રના અધિકારીઓ સ્માર્ટસીટીમાં પ્રોજેક્ટ હાથ પર લેવાશે તેમ કહી વાત અંગેની ગંભીરતાને જે રીતે ટાળી રહ્યા છે તેને કારણે લોકોમાં પણ રોષની લાગણી જન્મી છે.

સે-૭ ડીમાં પ્લોટ નં ૧૨૩૩ પાસે છેલ્લા ૬ મહીનાથી પાણી ગટરની લાઈનમાં લીકેજ હોવાના લીધે રહીશોના ઘર આંગણે જ પાણીના ખાબોચિયા ઉભરાય છે. આ અંગે સ્થાનિક રહીશો દ્વારા અનેકવાર રજુઆત કરવા છતા કોઈ પગલા લેવાયા નથી જેના લીધે સેકટરના રહેણાંક વિસ્તારમાં કાદવ કીચ્ચડ અને ગંદકી વચ્ચે મચ્છર ઉત્તપત્તિ સ્થાનો વધતા રોગચાળાની દહેશત પ્રવર્તી છે. અનેકવાર રજુઆતના અંતે પણ કોઈ પગલા ન લેવાતા હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે.

શહેરમાં ૨ હજાર સરકારી રહેણાંકો રીનોવેશન હેઠળ મૂકાયા

સેક્ટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના ૨૭૦૦ મકાનો તબક્કવાર તોડવામાં આવશે

ગાંધીનગર શહેરમાં જોખમી મકાનો તોડીને નવા મકાનો બાંધવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.શહેરમાં એકબાજુ ભયજનક મકાનો તોડવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે શહેરના સેકટરોમાં હાલની સ્થિતિએ ૨ હજાર જેટલા મકાનો રીનોવેશન હેઠળ છે. જયારે ૮ હજાર જેટલા સરકારી કર્મચારીઓનો વસવાટ છે.

ગાંધીનગર શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હજુ પણ જોખમી મકાનોની સંખ્યા ધ્યાને આવતા સેકટરોમાં મકાનો તોડવાની કામગીરી ચાલી રહી છે. સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો તોડવા માટે તબક્કવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. એકબાજુ ભયજનક આવાસોને તોડવાનુ કામ હાથ ધરાયા બાદ આમ પણ રહેણાંકને લાયક મકાનો વિશેષ રહ્યા નથી. જયારે હાલની સ્થિતિએ પણ અંદાજિત ૨૭૦૦ જેટલા મકાનો જોખમી હોવાનુ સ્પષ્ટ થયુ છે. જયારે હાલ શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના અંદાજિત ૮૦૦૦ જેટલા મકાનોમાં કર્મચારીઓનો વસવાટ છે. જયારે શહેરના સેકટરોમાં વિવિધ કેટેગરીના ૨ હજાર મકાનો રીનોવેશન હેઠળના છે. શહેર અસ્તિત્વમાં આવ્યુ ત્યારથી સેકટરોમાં નિર્માણ કરાયેલા જુદી જુદી કેટેગરીના મકાનો પૈકી મોટાભાગના હાલ કંગાળ અને જોખમી હાલતમાં છે. દાયકાઓ જુના મકાનો હવે ખંડેર અને જોખમી બન્યા છે. ત્યારે આ આવાસો ખાલી કરીને નવા મકાનો બાંધવાનુ કામ હાથ ધરાયુ છે. આ સ્થિતિ વચ્ચે તંત્ર માટે આવાસો ખાલી કરાવી વૈકલ્પિક વ્યવસ્થા પુરી પાડવાની કામગીરી પણ અઘરી બની છે. શહેરમાં સે-૭, સે-૨૯ અને સે-૩૦ માં નવા મકાનો બાંધવામાં આવ્યા છે. જયારે હજુ પણ નવા મકાનો બાંધવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. નવા આવાસો બાંધવા માટે જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે. જયારે ટુંકમાં જ ખુલ્લી જગ્યાનો અભ્યાસ કરાયા બાદ નવા આવાસો બાંધવા માટે આયોજન પણ કરાશે.

ગાંધીનગર શહેરનું પેયજળ પણ બી.આઈ.એલ. સ્ટાન્ડર્ડ પ્રમાણે નથી

ગાંધીનગર શહેર શુદ્ધ પાણીની યાદીમાં દેશમાં ૧૪માં સ્થાને

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરનું પાણી પ્રદૂષિત છે. બીઆઈએલની

સ્ટડીમાં લેવાયેલ ૧૭ રાજ્યોની રાજધાનીમાંથી લેવાયેલ નમૂના પણ પીવા માટે નક્કી ઈન્ડીયન સ્ટાન્ડર્ડ પર ખરા ઉતર્યા નથી.

આવા રાજધાની શહેરોમાં ચંદીગઢ, ગૌહાત્તી, બેંગ્લુરૂ, ગાંધીનગર, લખનૌ, જમ્મુ, જયપુર, દેહરાદુન, હૈદ્રાબાદ, ભુવનેશ્વર, રાંચી, રાયપુર, અમરાવતી અને સિમલા સામેલ છે.

મુંબઈમાં નળમાં આવતુ પાણી સ્વાસ્થ્ય માટે સુરક્ષિત છે. દિલ્હી સહિત દેશના ઘણા શહેરોમાં નળમાં આવતુ પીવાનું પાણી આ માપદંડમાં ખરૂ ઉતરતુ નથી. બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડના એક અભ્યાસમાં આ વાત સામે આવી છે.

કન્ઝ્યુમર એફર્સ મંત્રી રામવિલાસ પાસવાને કહ્યુ કે બીઆઈએલ દ્વારા જાહેર રેન્કીંગમાં મુંબઈ શીર્ષ સ્થાન પર છે. દિલ્હીને આ યાદીમાં છેલ્લુ સ્થાન મળ્યુ છે.

દિલ્હીથી એકત્ર કરાયેલા પાણીના દરેક ૧૯ નમૂના બી.આઈ.એલ. દ્વારા નિયત કરાયેલ માપદંડમાં ખરા ઉતર્યા નથી.

બી.આઈ.એલ.ની સ્ટડીમાં દેશના ત્રણ મહાનગર દિલ્હી, કોલકત્તા અને ચેન્નાઈના સેમ્પલમાં ૧૧ માંથી ૧૦ માપદંડોમાં ફેલ રહ્યા છે.

બી.આઈ.એલ. દેશભરમાં પીવાના પાણીની ચકાસણી કરી રહ્યુ છે. બી.આઈ.એલે પહેલા તબક્કામાં દિલ્હીના નમૂના લીધા હતા. બીજા તબક્કામાં દેશના ૨૦ રાજ્યોની રાજધાનીમાંથી સેમ્પલ એકઠા કર્યા હતા. ત્રીજા તબક્કામાં ઉત્તર-પૂર્વના રાજ્યો સામેલ કરવામાં આવશે. સાથે જ કેન્દ્ર સરકાર તરફથી પ્રસ્તાવિત ૧૦૦ સ્માર્ટ સીટીનું પાણી પણ ચકાસવામાં આવશે. ચકાસણીનું પરિણામ ૧૫ જાન્યુ. ૨૦૨૦ સુધીમાં આવવાની આશા છે.

ધો-૧૦ બોર્ડ પરીક્ષા માટે ૨૫ નવેમ્બર સુધીમાં આવેદનપત્ર ભરવાનુ રહેશે

૨૬ નવેમ્બરથી ૧૮ ડિસેમ્બર દરમિયાન લેઇટ ફી ભરવી પડશે

ગાંધીનગર તા ૧૬

આગામી માર્ચ મહીનામાં યોજાનારી ધો -૧૦ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષીને આવેદનપત્ર ભરવાની તારીખ આગામી તા ૨૫ નવેમ્બર સુધી લંબાવામાં આવી છે. ત્યારબાદ ૧૮ ડિસેમ્બર સુધી લેઇટ ફી ભરવાની રહેશે તેમ પણ બોર્ડ દ્વારા જણાંવાયુ છે.

આગામી માર્ચ ૨૦૨૦ માં લેવાનારી ધો ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષીને આવેદનપત્ર ભરાવાની તારીખ ૨૫ નવેમ્બર સુધી લંબાવામાં આવી છે. ત્યારબાદ તા ૨૬ નવેમ્બરથી ૧૮ ડિસેમ્બર સુધી લેઇટ ફી સાથે આવેદનપત્ર સ્વીકારવામાં આવશે. જેમાં લેઇટ ફીના પ્રથમ તબક્કા મુજબ તા ૨૬ નવેમ્બરથી ૫ ડીસેમ્બર સુધી રૂ ૨૫૦ લેઇટ ફી તરીકે વસુલવામાં આવશે જયારે તા ૬ થી ૧૫ ડિસેમ્બર દરમિયાન રૂ ૩૦૦ અને તા ૧૬ થી ૧૮ ડિસેમ્બર દરમિયાન રૂ ૩૫૦ લેઇટ ફી તરીકે વસુવામાં આવશે તેમ પણ બોર્ડ દ્વારા જણાંવાયુ છે. જયારે આવેદનપત્ર સુપ્રત કરવાની અંતિમ તારીખ સુધીમાં કોઈપણ વિદ્યાર્થીની માહીતીમાં શાળાકક્ષાએથી જ સુધારો થઈ શકશે. આ માટે કોઈ ફી લેવામાં આવશે નહીં. વિદ્યાર્થીનીઓ તેમજ દિવ્યાંગ વિદ્યાર્થીને નિયમિત પરીક્ષા ફી માંથી મુક્તિ આપવામાં આવી છે. પરંતુ લેઇટ ફી માંથી કોઈપણને માફી અપાશે નહીં તેમ પણ જણાંવાયુ છે.

કમોસમી વરસાદથી કપાસની ગુણવત્તા બગડી : ભાવમાં કડાકો : ખેડૂતો નિરાશ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં થયેલા પાછોતરા વરસાદની અસર જિલ્લાના મુખ્ય ગણાતા કપાસના પાકની ગુણવત્તા પર પડી છે અને ખેડૂતોને ઉત્પાદનના જોઈએ તેવા ભાવ ના મળતાં ખેડૂતોમાં નિરાશાનુ મોજુ પ્રસરી જવા પામ્યુ છે.

જિલ્લામાં પાછોતરા વરસાદને કારણે કપાસની ગુણવત્તા તેમજ પાકને થયેલ નુકશાનને કારણે ભારે નિરાશા જોવા ખેડૂતોમાં મળી રહી છે.

મળતી વિગતો પ્રમાણે ગત વર્ષે માર્કેટયાર્ડોમાં કપાસની જે આવક હતી તેવી જ આવક સરેરાશ જળવાઈ રહી છે પણ ભાવ જે મળવા જોઈએ તે મળતા નથી. તેમજ ઉત્પાદનની ગુણવત્તા પર જે વિપરીત અશરો પડી છે તેણે ખેડૂતની હાલત દયનીય બનાવી દીધી છે. ખેડૂતે પાકની વાવણી અને જાળવણી માટે કરેલો ખર્ચ પણ તેને ઉત્પાદનના વેચાણ પછી મળતો નથી.

લાભ પાંચમથી ૧૬-૧૧-૧૯ સુધીમાં માણસા માર્કેટ યાર્ડમાં કપાસના ઉત્પાદનની આવક ૧૩,૩૬૧ ક્વીન્ટલ થવા પામી છે. જ્યારે ગત વર્ષે આ સમયગાળાની આવક ૧૩,૭૫૧ ક્વીન્ટલ હતી. ગત વર્ષે ઉત્પાદનના સરેરાશ ભાવ ૧૧૨૫ જેટલો ખેડૂતોને મળ્યા હતા. જ્યારે આ વર્ષે ઉત્પાદનના સરેરાશ ભાવ ૯૨૫ જેટલા પણ માંડ મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે હાલ કપાસના ભાવ ૬૦૦ થી ૧૧૯૦ની વચ્ચે ચાલે છે. જ્યારે ગત વર્ષે આ ભાવ ૧૦૦૦ થી ૧૧૬૧ની વચ્ચે જોવા મળ્યા હતા.

ખેડૂતોનુ કહેવુ છે કે યાર્ડમાં પાકના ઉત્પાદનની ગુણવત્તાને કારણે આવકમાં સામાન્ય ફેર જરૂર પડ્યો છે પરંતુ એવો ઘટાડો નોંધનીય ન કહી શકાય. ગત વર્ષે ૧૩,૭૬૧ ક્વીન્ટલની આવક હતી આ વર્ષે ૧૩,૩૬૧ ક્વીન્ટલની છે પરંતુ ભાવમાં જે ઘટાડો થયો છે તે કુબજ કષ્ટ આપી રહ્યો છે.

રાહુલ દેશની માફી માગે એવી માંગ સાથે રાજ્યભરમાં ભાજપ દ્વારા ધરણા

ગાંધીનગર, તા.૧૬

પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, રાહુલ ગાંધી અને કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલી અરજીઓ ફગાવતા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, રાફેલ સોદાની સંપૂર્ણ પ્રક્રિયા પારદર્શક અને યોગ્ય રીતે થયેલ છે. રાફેલ સોદા મુદ્દે કોંગ્રેસ દ્વારા ભાજપા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને બદનામ કરવા કરાયેલા ભ્રામક અપપ્રચાર અને જુઠ્ઠાણાઓને ઉજાગર કરવા માટે આજે સમગ્ર ગુજરાતમાં જીલ્લાસ્તરે ભાજપાના કાર્યકર્તાઓ દ્વારા વિવિધ સુત્રોચ્ચાર તેમજ "રાહુલ ગાંધી દેશની માફી માંગે"ના નારા સાથે વિરોધાત્મક ધરણા કાર્યક્રમો યોજાયા હતા. આ સંદર્ભમાં ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં ભાવનગર ખાતે રાફેલ સોદા મામલે રાહુલ ગાંધી અને કોંગ્રેસના જુઠ્ઠાણાઓને ઉજાગર કરવા તથા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિરૂધ્ધ રાહુલ ગાંધી સહિત કોંગ્રેસી નેતાઓએ કરેલા બાલીશ, પાયાવિહોણા અને વાહિયાત નિવેદનોને વખોડી કાઢી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દેશની જનતાની સાર્વજનિક રીતે માફી માંગેની ઉગ્ર માંગ સાથે વિરોધાત્મક ધરણા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભાજપા પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યા, ભાવનગરના સાંસદ ભારતીબેન શીયાળ સહિત જીલ્લા પ્રમુખ-મહામંત્રીઓ, મેયર, આગેવાનઓ તથા બહોળી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહાનગર ભાજપના ધરણા - રાફેલ મુદ્દે રાહુલ ગાંધીએ દેશની માફી માગવી જોઈએ એવી માંગણી સાથે દેશભરમાં ભાજપના કાર્યકરોએ ધરણાનો કાર્યક્રમ યોજ્યો હતો.... જે અન્વયે મહાનગર ભાજપના ધરણા સેક્ટર-૬ની સત્યાગ્રહ છાવણી ખાતે યોજાયા હતા... આજે યોજાયેલ ધરણામાં શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ), મેયર રીટાબેન પટેલ, ગુડાના પૂર્વ ચેરમેન આશીષભાઈ દવે, તથા ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર સહિત મોટી સંખ્યમાં કાર્યકરો જોડાયા હતા.

રાજ્યભરમાં ડેન્ગ્યુના સેંકડો કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૬

રાજ્યના અન્ય જુદા જુદા ભાગોમાં આ વર્ષે ડેન્ગ્યુએ જોરદાર આતંક મચાવી દીધો છે. ગાંધીનગર, અમદાવાદ, સુરત શહેર સહિત રાજ્યભરમાં ડેન્ગ્યુના સેંકડો કેસ નોંધાવા પામ્યા છે. ડેન્ગ્યુના આતંકથી તંત્ર દ્વારા સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં હજુ સુધી ડેન્ગ્યુ રોગ ઉપર કાબુ મેળવવામાં સંપૂર્ણ પણે સફળતા હાથ લાગી નથી. ડેન્ગ્યુ રોગચારાના કારણે અમદાવાદમાં પણ તંત્ર સાવધાન બનેલુ છે. આંકડા ઉપર નજર કરવામાં આવે તો આંકડા ચિંતા ઉપજાવે તેવા છે. આ વખતે મોનસુનની સિઝન વધારે લાંબા સમય સુધી ચાલી છે. સાથે સાથે કમોસમી વરસાદના કારણે હાલત કફોડી બનેલી છે. દરમિયાન સુરત શહેરમાં ડેન્ગ્યુનો વાવર છેલ્લા કેટલાક દિવસોથી વધી રહ્યો છે અને હવે તો જાણે માઝા મૂકી રહ્યો છે. મચ્છરજન્ય રોગ ડેન્ગ્યુની બીમારીમાં સુરતના પુણા વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષીય કિશોરીનું મોત નીપજતાં ભારે ચકચાર મચી ગઈ હતી. ખાસ કરીને ડેન્ગ્યુની બીમારીમાં થયેલા મોતને લઈને આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યુને નાથવા માટેના હાથ ધરાઈ રહેલા પ્રયાસો સામે લોકો સવાલ ઉઠાવી રહ્યાં છે. સુરતમાં છેલ્લા ૧૫ દિવસમાં ૧૧૭ લોકો ડેન્ગ્યુની સારવાર હેઠળ આવ્યા છે, ડેન્ગ્યુના કેસોની સંખ્યામાં દિન પ્રતિદિન સતત વધારો નોંધાઈ રહ્યો છે ત્યારે ડેન્ગ્યુની બીમારીમાં ૧૭ વર્ષીય કિશોરીના મોત બાદ સ્થાનિક આરોગ્ય તંત્ર દોડતું થયું છે. પરંતુ કિશોરીના પરિવારજનોએ તંત્ર સામે ઉગ્ર આક્રોશ ઠાલવ્યો હતો. તો, સ્થાનિક નાગરિકોએ સુરતમાં ગંદકી અને સ્વચ્છતા મુદ્દે તેમ જ મચ્છરના ઉપદ્રવને નિવારવામાં સુરત મનપાની નિષ્ફળતાને લઈ આકરા પ્રહારો કરી ભારે રોષ વ્યક્ત કર્યો હતો. શહેરમાં છેલ્લા ૧૫ દિવસમાં ૧૧૭ લોકો ડેન્ગ્યુની સારવાર લઈ રહ્યાં છે.

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
N. C. Zaveri (શેરથાવાળા)
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

પબ્લીક રીલેશન(સેલ્સ) મેનેજર જોઈએ છે.
ગાંધીનગર ના જાણીતા પંજાબી રેસ્ટોરન્ટ માટે પબ્લીક રીલેશન (સેલ્સ) મેનેજર જોઈએ છે.
લોકલ કોન્ટેક્ટ ધરાવતા ફુડલાઈન ના અનુભવીને અગ્રતા.
કોન્ટેક્ટ : મો. ૮૦૦૦૬ ૩૬૯૫૫

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com